**નેશનલ હાઈવે નંબર 48 પર અકસ્માતને પગલે ટ્રાફિકજામ**

# કૂતરું આડે આવતા બાઈક પરથી દંપતી નીચે પટકાયું, અજાણ્યા વાહનના પૈડાં ફરી વળતા પત્નીનું મોત

અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર સુંદરપુરા પાટીયા નજીક કૂતરું આડે આવતા બ્રેક મારતા દંપતિ નીચે પટકાયું હતું. દરમિયાન પાછળથી અજાણ્યા વાહનના પૈડાં ફરી વળતા પત્નિનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

કપુરાઈ પોલીસ મથકે ફરિયાદી યજ્ઞેશભાઈ નટવરભાઈ પટેલ ઉ.વ.55 ધંધો-નિવૃત રહે-બી/45 ધનલક્ષ્મી ગૃહ સંકુલ ભરુચી નાકા અંકલેશ્વર ભરૂચ નાઓની ફરિયાદ મુજબ એક અજાણ્યો વાહન ચાલક સવારના ને.હા.48 પર સુંદરપુરા પાટીયા નજીક અમદાવાદથી સુરત તરફ જતા રોડ પર પહોચતા આગળ કુતરૂ આવી જતા હાઈવે રોડ વડોદરા શહેર નજીક તેઓ પોતે તથા પત્ની જયશ્રીબેન બંને તેઓનુ મોટર સાયકલ લઈને પોતાના દિકરા કેનનના ઘરે શિવાલયા રેસિડેન્સી લક્ષ્મિપુરા ગોત્રી રોડ વડોદરા ખાતેથી અંકલેશ્વર ખાતે જતા હતા, ત્યારે અમદાવાદથી સુરત તરફ જતા રોડ પર પહોચતા આગળ કુતરૂ આવી જતા યજ્ઞેશભાઈએ પોતાની બાઈકને બ્રેક મારી હતી. જેથી બાઈક સ્લિપ ખાઈ જતા પતિ-પત્ની બંને જમણી બાજુએ રોડ પર પડી ગયા અને તે સમયે પાછળથી એક અજાણ્યા વાહન ચાલકે તેનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેફીકરાઈથી ચલાવી લાવી પત્ની જયશ્રીબેન પર ટાયર ચઢાવી પેટ તથા સાથળના ભાગે ગંભીર ઈજાઓ તથા શરીરે અન્ય નાની-મોટી ઈજાઓ પહોચાડી સ્થળ પર મોત નીપજાવી પોતાનુ વાહન લઈ સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો. જે બનાવ સંદર્ભે કપુરાઈ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## તરસાલી બાયપાસ હાઈવે પર ત્રિપલ અકસ્માત : ચાલક કેબિનમાં ફસાયો

મુંબઈથી દિલ્હી તરફ ટ્રક લઈ જઈ રહ્યા હતા. વડોદરા બાયપાસ એક બસ વાળાએ પાછળથી ઓવરટેક કરીને મારી આગળ ઇમર્જન્સી બ્રેક મારી દીધી હતી અને રોડ સાઇડ ઉપર ગાડી લગાવી દીધી અને કહ્યું હતું કે, મારો સાઈડ ગ્લાસ તે તોડી નાખ્યો છે અને દંડો લઈને મને ડ્રાઇવર કંડકટર ને માર્યો હતો. લાંબી માથાકુટ બાદ અમારા બંને વચ્ચે સમાધાન કરાવ્યું હતું. તેવામાં અચાનક પાછળથી એક સળિયા ભરેલું ટ્રેલર જે ઊભેલી ગાડીમાં પાછળથી ઘૂસી ગયું હતું. જેથી કરીને મારી ગાડી આગળની ગાડીમાં ઘૂસી ગઈ હતી. ટેલરમાં મોટું નુકસાન થયું હતું.

## પાલેજથી સાસરોદ ઘરે પરત જતા અજાણ્યા વાહનની ટક્કરે મહિલાનુ મોત

પાલેજ ખાતે રહેતા નિલેશભાઇ મહેશભાઇ વસાવાના દાદી અમરતબેન શનાભાઈ વસાવા ( રહે. સાંસરોદ ગામ તા.કરજણ ) ચાલતા પાલેજથી સાંસરોદ તેઓના ઘર પરત જઇ રહ્યાં હતા. તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે 53 વર્ષીય અમરતનબેનને ટક્કર મારી હતી. જેથી ઉછળીને રોડ પર પટકાયાં હતા. જેમાં તેમને ગંભીર ઇજાઓ થવાના કારણે તેમનું ઘટના સ્થળ ઉપર મોત નિપજ્યું હતું.

# વડોદરા ભાજપના "એ" નેતાઓ માટે જાણે યાદી નહીં પણ રિપોર્ટ કાર્ડ આવ્યું, એ પણ લાલ શેરા સાથે !

હા ભાઈ, આખરે જે થવાનું હતું તે થયું! ગુજરાત પ્રદેશ ભાજપની સંગઠન યાદી આવી અને વડોદરાના કેટલાંક નેતાઓને એવો ઝાટકો લાગ્યો કે જાણે યાદી નહીં પણ રિપોર્ટ કાર્ડ આવ્યું હોય - અને તેમાં "ફેલ" લાલ શાહીથી લખેલું! લાંબા સમયથી "આ વખતે તો આપણું નામ પાક્કું" કહીને બેઠેલા મહાશયો હવે યાદી જોઈને એવા મૌન થયા છે કે જાણે પ્રદેશ પ્રમુખે સોટી લઈને ધૂળ કાઢી નાખી હોય . છેલ્લી આશા હતી પ્રદેશ મહામંત્રી કે મંત્રી લિસ્ટમાં નામ આવવાની પણ ત્યાં પણ વડોદરાનું નામ? અરે બાપરે, ગૂગલ સર્ચ કરો તો પણ નહીં મળે! આ આખો કાંડ કોઈ અકસ્માત નથી, સાહેબ. આ તો પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા તરફથી સીધી-સપાટ ચેતવણી છે. સંદેશો સ્પષ્ટ છે: "પહેલા લડવાનું બંધ કરો, પછી પદ માંગજો." વડોદરા ભાજપમાં છેલ્લા કેટલાક સમયથી જે રીતે એકબીજાના ટાંટિયા ખેંચવાની ઓલિમ્પિક ચાલી રહી હતી, એક મેક સામેની ફરિયાદોની ફાઈલ પ્રદેશ કચેરીમાં સ્ટેક થવા લાગી હતી - એ બધું વિશ્વકર્મા અને રત્નાકરના ધ્યાનમાં ન આવ્યું હોય એવું માનવું એ જ સૌથી મોટુ ભોળપણ છે. પક્ષ જે માટે ઓળખાતો હતો - શિસ્ત - એ જ શિસ્તને કેટલાક નેતાઓએ એવી રીતે બાજુ પર મૂકી કે જાણે જૂનો ફેશન ટ્રેન્ડ હોય. હવે બચેલી આશા એટલી જ કે કોઈને "શોભા વધારતા" પદ આપી શાંત કરવામાં આવે. નહીં તો આજકાલ ભારતીય જનતા પક્ષ એટલો મોટો થઈ ગયો છે કે "ઘરે બેસાડ્યા" તો પણ પક્ષને ફરક નહીં પડે - ફરક તો માત્ર બેસાડાયેલા નેતાઓને પડશે! સારાંશ એટલો જ: લડો, ફરિયાદ કરો, કાદવ ઉછાળો અને પછી યાદીમાં નામ ન આવે તો આશ્ચર્ય પામશો નહીં. હવે પણ નહીં સુધરે તો પછી નામ નહીં, નિશાન પણ ભૂંસાઈ જાય - એ માટે તૈયાર રહેજો!

### ♦ ભાજપની નવી પ્રમોશન નીતિ, હસવું કે રડવું એ જ ખબર ન પડે !

ભાજપમાં ક્યારેક પ્રમોશન એવું હોય કે નેતાને ખુદને જ સમજ ન પડે - ઉપર ગયો કે સાઈડમાં ખસેડાયો? રસિકલાલ પ્રજાપતિના કેસમાં હાલ સ્થિતિ એવી જ છે. શનિવાર રાતે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ સંગઠનની યાદી જાહેર કરી અને તેમાં એક નામ એવું આવ્યું કે વડોદરા ભાજપના વર્તુળોમાં એકસાથે તાળી પણ પડી અને આશ્ચર્ય પણ વ્યક્ત થયું- નામ હતું રસિકલાલ પ્રજાપતિનું. રસિકલાલને વડોદરા જિલ્લા ભાજપ અધ્યક્ષ બન્યે હજી છ મહિના પણ થયા નથી, ત્યાં તો બની ગયા સીધા પ્રદેશ ઉપાધ્યક્ષ! હવે કાર્યકરોમાં મૂંઝવણ એ થઈ રહી છે કે પ્રજાપતિ સાહેબને "અભિનંદન" આપવા કે " દિલાસો". કેમકે બધાના મનમાં પ્રશ્ન એ છે કે આ પ્રમોશન છે કે સોફ્ટ ડિમોશન? કારણ સાફ છે. ભાજપના સંગઠનમાં "એક વ્યક્તિ - બે ખુરશી"ની કોઈ સ્કીમ ચાલતી નથી. એટલે જિલ્લા અધ્યક્ષનું પદ તો હવે છોડવું જ પડશે. એટલે જે ખુરશી પર રોજ બેસી સહી થતી હતી, ફરિયાદો આવતી હતી અને ગરમી લાગતી હતી - એ ગઈ. હવે મળ્યું છે પ્રદેશ ઉપાધ્યક્ષનું એવું પદ કે જે વિઝિટિંગ કાર્ડમાં તો ભારે લાગે, પણ ખરેખર આ પદ કેટલું ભારે છે તે ખુદને જ ખબર ન પડે. રસિકલાલ સામે છેલ્લા સમયમાં જે રીતે ફરિયાદોની લાઈન લાગી હતી, એ જોતા સીધા "ઘરે બેસાડવા"ની જગ્યાએ પક્ષે ખૂબ જ સંસ્કારી રસ્તો અપનાવ્યો છે - માન રાખીને સાઈડમાં મૂકી દીધા. હવે રસિકલાલ માટે મૂંઝવણ એ નથી કે નવા પદની જવાબદારી શું હશે, મૂંઝવણ એ છે કે હસવું કે રડવું?

અને બીજી તરફ, વડોદરા જિલ્લા ભાજપ અધ્યક્ષની ખાલી થતી ખુરશી પર કોણ બેસશે - એ ચર્ચા હવે શરૂ થઈ ગઈ છે. કારણ કે ભાજપમાં એક સત્ય અચૂક છે: ખુરશી ખાલી હોય તો દાવેદારોની લાઈન આપમેળે લાંબી થઈ જાય.

### ♦ યુવા કાર્યકરોની યુવા પ્રમુખ પાસેથી એક જ અપેક્ષા, લુખ્ખાઓની યુંગાલથી મોરચાને મુક્ત કરો

વડોદરાના રાજકારણમાં આજકાલ એવું લાગે છે કે ગ્રહો, નક્ષત્રો અને સમય–ત્રણે મળીને ખાસ એક જ નામ પર મહેરબાન થયા છે. અને એ નામ છે વડોદરાના

સંસદ ડૉ. હેમાંગ જોશી. બે બળિયાની લડાઈમાં સીધા સાંસદ બન્યા, પછી વિદેશ પ્રવાસી પ્રતિનિધિમંડળોમાં નિયમિત હાજરીની તક, અને હવે તો યશકલગીમાં નવું પીંછું–પ્રદેશ યુવા અધ્યક્ષ. વાકઈમાં, કરિયર ગ્રાફ એવો ઊંચો જઈ રહ્યો છે કે જીપીએસ પણ "રી-રૂટ" કહે! રસપ્રદ વાત એ છે કે જે ડૉ. જોશીને એક સમયના પ્રદેશ યુવા નેતાએ વડોદરા શહેરના યુવા અધ્યક્ષ બનવા દીધા નહોતા, એ જ નેતા હવે સમયની લીલા સામે હાથ જોડીને ઉભા હશે. સમય ખરેખર મોટો શિક્ષક છે–ક્યારે કોને ક્યાં બેસાડવો એ તેને બરાબર ખબર હોય છે. હવે મુદ્દો આવે છે અપેક્ષાનો. વડોદરાના યુવા કાર્યકરો હવે ડૉ. જોશી પાસેથી માત્ર ભાષણો કે ફોટોશૂટ નહીં, "સફાઈ અભિયાન"ની આશા રાખી રહ્યા છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી યુવા સંગઠનમાં જે લુખ્ખા તત્વો અડિંગો જમાવીને બેસી ગયા હતા–જાહેરમાં દાદાગીરી, રસ્તા પર રોફ, નિર્દોષોને માર મારવો–એ બધાએ સંગઠનને એવું બદનામ કર્યું કે શિસ્ત શબ્દ ડિક્શનરીમાં શોધવો પડે. આ લુખ્ખા તત્વો સામે પગલાં લેવાની વાત પણ એટલી સરળ નહોતી, કેમકે, આ લુખ્ખાઓ ઉપર "ગોડ ફાધર"ના ચાર હાથ હતા. એટલે શિસ્તની સીટી વાગે ત્યારે પણ કોઈ સાંભળતું નહોતું. હવે પ્રશ્ન એ છે કે નવા યુવા પ્રમુખ ખરેખર હાથમાં ઝાડૂ લેશે કે પછી બધું જોઈને "યુવાનોમાં ઉત્સાહ છે" કહીને આગળ વધી જશે? ડૉ. હેમાંગ બધું જાણે છે–એમાં શંકા નથી. એટલે જ યુવા કાર્યકરોની ઈચ્છા એકદમ સાદી છેઃ કોઈ સંસ્કારી, સમર્પિત અને સાચા અર્થમાં યુવાનને મોરચો સોંપો. હવે જોવાનું એ છે કે પ્રદેશ યુવા અધ્યક્ષ તરીકે ડૉ. જોશી વડોદરાના યુવા સંગઠનને લૂખા તત્વોથી મુક્ત કરશે કે પછી લૂખાઓને નવી ID કાર્ડ આપી "રીબ્રાન્ડ" કરશે?

### ♦ વડોદરાના નેતાઓને કામ નહીં વાસ્તુ ફળે તો પ્રગતિ થાય !

વડોદરાના રાજકારણને જોતા હવે એવું લાગે છે કે વિકાસનો નકશો નહીં, વાસ્તુશાસ્ત્રની કુંડળી જોઈને નિર્ણય લેવાય છે. કારણ કે તાજી ચર્ચા એવી છે કે શહેરમાં વિકાસ ક્યાં અટક્યો એ કોઈને ખબર નથી, પણ બંગલો ક્યાં બને તો ઉચ્ચ સરકારી પદ મળે - એ ફોર્મ્યુલા બધાને સમજાઈ ગઈ છે. કહેવાય છે કે નેતાજીનો રાજકીય પ્રવાસ ૫૦ લાખના મકાનથી શરૂ થયો હતો. સામાન્ય માણસે તો અહીં EMI પૂરી કરવા માટે આખી જિંદગી કાઢવી પડે, પણ નેતાજી માટે એ ફક્ત "ટ્રેલર" હતું. અસલી ફિલ્મ તો ૭ કરોડના બંગલામાં શિફ્ટ થતાં શરૂ થઈ. ગૃહ પ્રવેશ થયો નહીં ત્યાં ઉચ્ચ પદની લહાણી આવી ગઈ! લોકો કહે છે કે આ બંગલાની જમીન એટલી ભાગ્યશાળી છે કે ત્યાં રહેતાં રહેતાં નેતા નહીં, નેતૃત્વ પોતે ઉગી નીકળે. શહેરના રસ્તા ખાડામાં જાય, ડ્રેનેજ ઊભરાય, પાણી માટે લોકો ડોલ લઈને ફરે - એ બધું ચાલે. પણ નેતાજીનો અંગત વિકાસ? એ તો બુલેટ ટ્રેનની ગતિએ! વિકાસના બધા સિગ્નલ લાલ હોય, છતાં નેતાજીની ગાડી ક્યારેય અટકતી નથી. આમ તો આ નેતાને સમકક્ષ શહેર અને જિલ્લામાં કુલ ૧૦ લોકો છે. પણ પદની ચાવી જાણે માત્ર એક જ ખિસ્સામાં રહે છે. હવે સ્વાભાવિક છે કે બાકીના ૯ લોકો વિશે પ્રશ્નો ઊઠે - શું તેઓ કામ કરતા નથી? કે પછી તેમના ઘરો પર ગ્રહદોષ છે? કદાચ તેમના મકાનની દિશા ખોટી હશે, અથવા બંગલાનો ભાવ ઓછો હશે! આ આખી ચર્ચા હવે ચા-પાનથી લઈને સોસાયટીની બેઠક સુધી "ટોક ઓફ ધ ટાઉન" બની ગઈ છે. લોકો કહે છે - "નેતાઓના બંગલા દિવસેને દિવસે મોટા થાય છે, સુખ-સાહ્યબી વધે છે, પણ શહેરના રસ્તા, પાણી અને ડ્રેનેજ માટે ક્યારે સુકન્યા મુહૂર્ત આવશે?"

# જે.એમ. પંડ્યા સંસ્કાર ધામના મિલન સમારંભમાં નારી શક્તિને પ્રોત્સાહન

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ઔદીચ્ય ટોળક બ્રાહ્મણ સમાજ દ્વારા સંચાલિત "જે. એમ. પંડ્યા સંસ્કારધામ", હરણી રોડ ખાતે ૨૮મા "મિલન સમારંભ અને સાંસ્કૃતિક સંગીત કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બ્રાહ્મણો સહ પરિવાર જોડાયા હતા અને સીઝનના વિશેષ ધાન "ખીચડા"નો લ્હાવો લીધો હતો. જે અંગે સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, આ વખતના મિલન સમારંભમાં નારી શક્તિરૂપ "સ્વરાંજલી ગ્રુપ" દ્વારા મ્યુઝીકલ શોનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓનું આ ગ્રુપ રાષ્ટ્રીય ચેનલ પર એક વિશેષ કાર્યક્રમમાં પણ ભાગ લઈ ચૂકી છે અને વડોદરા તથા ગુજરાતમાં અનેક કાર્યક્રમો આ ગ્રુપ કરી ચૂક્યું છે. ગ્રુપના મીનાક્ષીબેનના જણાવ્યા પ્રમાણે, ગ્રુપમાં તમામ મહિલાઓ છે અને કિશોરકુમાર, આર. ડી. બર્મન સહિતના ગીતકારોની જેમ તેઓએ પોતે ગીત ગઈ હાજર સૌ લોકોનું સુંદર મનોરંજન રજૂ કર્યું હતું.

**ક્રાઇમ બ્રાન્ચે આરોપીને ઝડપી પાડીને ગોત્રી પોલીસને સોંપ્યો**

# સર્કલ પાસે શોરૂમાંથી રૂ.3.20 લાખની પીપીએફ લાઈટની ચોરી કરનાર ઝડપાયો




(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ગોત્રી વિસ્તારમાં નિલામ્બર સર્કલ પાસે આવેલા શો-રૂમની બંધ બારી તોડી તેમાંથી રૂપીયા 3 લાખથી વધુ કિમંતની લાઈટના બોક્ષ ચોરી કરનાર આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે ગોત્રી પોલીસને સોંપાયો છે. વડોદરા શહેરના ગોત્રી નિલામ્બર સર્કલ પાસે આવેલા ડિટેલિંગ ડેવિલ્સ બંધ શોરૂમની બારી તોડીને ડ્રેગન પીપીએફ લાઈટના બોક્સ 4 કિંમત રૂપિયા 3.20 લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

જેની ફરિયાદ શોરૂમના માલિકે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા એન.જી.જાડેજાની દોરવણી હેઠળ પો.સબ ઈન્સ.કે.ડી.રાઠોડની ટીમના માણસો મિલ્કત સંબધી ગુનાઓ કરતા ઇસમોની શોધખોળ કરવા માટે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગની કામગીરીમાં નીકળ્યાં હતા. દરમ્યાન મળેલી બાતમીના આધારે વિશ્વામિત્રી બ્રીજ ગુજરાત ટ્રેકટર પાસેથી એક શખ્સ આકાશ અજયભાઈ ભાલીયા ( રહે. ભાલીયા મહોલ્લો પ્રતાપબાગ સોસાયટીની બાજુમાં મુજમહુડા વડોદરા)ને શોધી કાઢયો હતો.

આ શખ્સની પ્રાથમીક પુછપરછ કરતા ગુનાની કબૂલાત કરી હતી અને પોલીસ ધરપકડ બચવા માટે નાસતો ફરતો હોવાનું જણાવ્યું હતુ. જેથી ક્રાઇમ બ્રાન્ચે આરોપીને આગળની કાર્યવાહી માટે ગોત્રી પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યો છે.

**ભક્તિ, ભાવ અને આધ્યાત્મિક ઉલ્લાસનું અદભુત સંગમ જોવા મળ્યો**

# વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવમાં એક લાખથી વધુ ભક્તોએ કથાનો લાભ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ અંતર્ગત ચાલી રહેલી શ્રીમદ્ ભાગવત કથાના મંગલ સપ્તમ દિવસે ભક્તિ, ભાવ અને આધ્યાત્મિક ઉલ્લાસનું અદભુત સંગમ જોવા મળ્યું. આજના દિવસે અંદાજે એક લાખથી વધુ ભક્તોએ કથાનો લાભ લઈ મહોત્સવને ઐતિહાસિક બનાવ્યો હતો. આ પાવન પ્રસંગે વ્રજરાજકુમાર મહોદયશ્રીના બેટી ધીમહિ રાજાએ ભ્રમર ગીતની ભાવસભર પ્રસ્તુતિ કરી કથા મંડપમાં ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા. સાથે જ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન એજ્યુકેશનના બાળકોએ પ્રાતઃ સ્મરણ, મંગલાચરણ તેમજ પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી દ્વારા રચિત અને આપશ્રીના સ્વમુખે ગવાયેલ "એક બાર આજા ગિરિરાજ કી શરણમેં" ભજન દ્વારા સમગ્ર વાતાવરણને અલૌકિક બનાવી દીધું.

પૂજ્યશ્રીએ જીવનમાં આદત અને વિચારધારાના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે પોઝિટિવ આદતો મનુષ્યને પરફેક્ટ બનાવે છે.

જીવનમાં સમસ્યા અને પડકાર અનિવાર્ય છે, પરંતુ શ્વાસ પર નિયંત્રણ અને શ્રીકૃષ્ણ: શરણમ મમ મહામંત્રના ધ્યાનથી મનને સ્થિર કરી શકાય છે. ગુસ્સા કે અશાંતિમાં કોઈ નિર્ણય ન લેવો, મન શાંત થયા પછી લેવાયેલા નિર્ણય જીવનને સુખમય બનાવે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ઉપદેશોને ઉલ્લેખતા પૂજ્યશ્રીએ ભાગવતના દશમા સ્કંધના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધનું સુક્ષ્મ વિવેચન કર્યું. પૂર્વાર્ધ કૃપાધર્મની લીલા છે, જ્યારે ઉત્તરાર્ધ મર્યાદાની લીલા છે-જ્યાં કર્મ અનુસાર ફળ મળે છે. સત્સંગ, ભક્તિ, સેવા અને કીર્તન જીવનના આધારસ્તંભ હોવાનું તેમણે જણાવ્યું. આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટિલ વિડિયો કોન્ફરન્સ મારફતે વર્ચ્યુઅલી જોડાયા હતા, જેના કારણે મહોત્સવનું ગૌરવ વધુ વધ્યું હતું.

**44th મી જુનિયર નેશનલ ખો ખો ચેમ્પિયનશિપ યોજાશે**

# રાષ્ટ્રીય ખોખો ટુર્નામેન્ટમાં ભાગ લેવા ગુજરાતની ટીમ રવાના

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

44મી જુનિયર નેશનલ ખો ખો ચેમ્પિયનશિપ 2025 બેંગલુરુ, કર્ણાટક ખાતે યોજાનાર છે, જેમાં ગુજરાત ટીમના ખેલાડી ભાઈઓ અને બહેનો આજ રોજ વડોદરા રેલવે સ્ટેશનથી બેંગલુરુ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા રવાના થયા.

AKFFG ના જનરલ સેક્રેટરી, અશોક ગરુડ દ્વારા જણાવાયું કે, 44મી જુનિયર નેશનલ ખો ખો ચેમ્પિયનશિપ 2025 બેંગલુરુ, કર્ણાટક ખાતે તા. 31-12-2025 થી 04-01-2026 ના રોજ યોજાનાર છે, જેમાં ભારત દેશના અલગ અલગ રાજ્યોમાંથી ૩૬ ટીમ આવવાની છે. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનો ખેલાડીઓ ભાગ લેવાના છે, જે ખુબ આનંદની લાગણી અનુભવાય છે. જેમાં ગુજરાત રાજ્યના ભાઈઓ અને બહેનો ખેલાડી પણ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાના છે. ગુજરાત રાજ્યના ખેલાડી ૩૦, અને કોચ-૨, મેનેજર-૨, physio-૧ આમાં ભાગ લેવા માટે વડોદરાથી રવાના થયા.

**ક્રાઇમ બ્રાન્ચે આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે નવાપુરા પોલીસને સોંપ્યો**

# મધ્યપ્રદેશથી લાવેલા દારૂ તથા બિયર સાથે બે મહિલા સહિત 3 ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

મધ્યપ્રદેશથી થેલામાં છુપાવી વડોદરા આપવા આવેલા વિદેશી દારૂના જથ્થા સાથે બે મહીલા સહીત ત્રણ આરોપીઓને વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યાં હતા. 31 ડિસેમ્બર દરમિયાન દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો દારૂ મંગાવી રહ્યા છે. ત્યારે કેટલાકે દારૂનો સ્ટોક પણ કરી નાખ્યો છે. જેને લઈને પોલીસ દ્વારા દારૂની હેરાફેરીના બૂટલેગરોના મનસૂબા નાકામીયાબા બનાવવા માટે એક્શનમાં આવી છે. ત્યારે શહેર વિસ્તારમાં ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલીંગની કામગીરીમાં ફરી રહી હતી.

દરમ્યાન ટીમને બાતમી મળી હતી કે કિર્તીસ્તંભ બસ સ્ટેશન પાસે બે મહિલા તથા તેમની સાથેનો એક વ્યક્તિ થેલાઓમાં વિદેશી દારૂ કિર્તીસ્તંભ બસ સ્ટેશન પાસે જતા સ્થળ પર બે બહેનો તથા એક વ્યક્તિ તેમની પાસેના અલગ-અલગ થેલાઓ સાથે હાજર મળતા કેતન ગુમાન રાઠવા (રહે.હનુમાન મંદીર પાસે, જામલા રોડ, તા.જી.છોટાઉદેપુર) બકીબેન અર્જુન રાઠવા (રહે. દિવાન બંગલા ફળીયુ, તા.જી.છોટાઉદેપુરઉ) અને શંકરીબેન દિતલ્યાભાઈ તોમાર (રહે. સહજી ગામ, તા.ચાંદપુર જી.અલીરાજપુર (એમપી) ના હોય તેઓની પાસેના થેલાઓમાં તપાસ કરતા વિદેશી દારૂ અને બિયર રૂ. 65 હજાર આવ્યો હતો. વિદેશી દારૂનો જથ્થો મધ્યપ્રદેશના અલીરાજપુરથી દાંડીયાબજાર ખાતે રહેતી પુજાબેન નામની મહીલાએ મંગાવ્યો હોય તેને આપવા માટે આવ્યો હોવાનું જણાવ્યું હતું. વિદેશી દારૂનો જથ્થો તેમજ મોબાઈલ 3 મળી રૂ.76 હજારનો મુદ્દામાલ તપાસ અર્થે નવાપુરા પોલીસ સ્ટેશન સોંપવામાં આવ્યો છે. જ્યારે પુજાબેન (રહે.દાંડીયાબજા)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. ક્રાઇમ બ્રાન્ચે વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ અને આરોપીઓ આગળની કાર્યવાહી માટે નવાપુરા પોલીસને સોંપ્યા છે.

# વાઘોડિયા તથા ડભોઈ રિંગ રોડ પર રહેતા યુવક પર ચાકુથી હુમલો

## પોલીસે આરોપી કરજણ કહાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વાઘોડિયા ડભોઈ રિંગ પર આવેલા ઉકાજીયાના વાડિયામાં રહેતા યુવક તેમના પાડોશમાં રહેતા શખ્સે ચાકુથી હુમલો કર્યો હતો. ત્યારબાદ આ ઉશ્કેરાયેલા શખ્સે યુવકને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી યુવકે હુમલાખોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના વાઘોડિયા ડભોઈ રિંગ રોડ પર આવેલા શૈલેષનગરમાં રહેતા હરીશભાઈ નારાયણભાઈ કહારે ફરીયાદ નોંધાવી છે કે હુ વૃંદાવન ચાર રસ્તા પાસે જય બજરંગ ઓટો ગેરેજ ચલાવું છું. 26 ડિસેમ્બરના રોજ રાત્રીના સાડા નવ વાગ્યા આસપાસ હું મારા ઘરેથી જમીને અમારી બાજુમાં આવેલા કાળકા માતાજીના મંદીરની બહાર બાકડા પર બેઠો હતો. તે વખતે અમારા ઉકાજીના વાડીયામાં રહેતો કરણ કનૈયાલાલ કહાર પોતાની બર્ગબેન મોપેડ લઈને અમારા આગળ આવી ઉભો રહ્યો હતો. મારા બાજુમાં ઉકાજીના વાડીયામાં રહેતા બીજા છોકરાઓ બેઠા હોય તેઓને ચપ્પુ કાઢી છોકરાઓને બતાવી ડરાવતો હતો. જેથી મેં જણાવ્યું કે, તું છોકરાઓને કેમ ડરાવે છે ? તું અત્યારે ઘરે જતો રહે ત્યારે આ કરણ મારા ઉપર ઉશ્કેરાઈ ગયો હતો અને મને બીભત્સ ગંદી ગાળો બોલી ચાકુથી હુમલો કરી દીધો હતો. દરમ્યાન આજુબાજુના માણસો ભેગા થઈ જતા કરણે મને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. તેનું મોપેડ લઈ જતો રહ્યો હતો અને મને હાથ પર ચાકુ મારી દીધુ હોય મારા ભાઈ સંતોષભાઈ તથા મારા કાકાના દિકરા ગુરુપ્રસાદ મને સારવાર માટે જમનાબાઈ હોસ્પીટલમાં ખસેડ્યો હતો. જેથી પોલીસે આરોપી કરજણ કહાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**31 ડિસેમ્બરને લઇ વડોદરા શહેર પોલીસ એક્શન મોડમાં આવી**

# શહેરના અલગ અલગ વિસ્તારોમાં સઘન વાહન ચેકિંગ હાથ ધરાયું

## વાહનના સરકારી દસ્તાવેજ ન હોય તેમજ ટ્રાફિક નિયમનો ભંગ કરતા હોય અનેક ગાડીઓ ડિટેન

### બ્રેથ એનાલાઇઝર મશીનથી ચેકિંગ હાથ ધરાયું

રાત્રીના સમયે વાહનચેકિંગમાં ઉભેલા પોલીસ દ્વારા વાહનચાલકો પાસે લાયસન્સ અને કાગળો ન હોય તેવા વાહનચાલકો સામે કાર્યવાહી હાથ ધરાઇ હતી. ઉપરાંત વાહનના ચાલકો એક દારૂનું સેવન તો નથી કર્યુંને તેના ચકાસણી કરવા માટે બ્રેથ એનાલાઇઝર ચકાસવામાં આવ્યાં હતા. મોટા ભાગે નશો કરાનાર શખ્સો વાહનોમાં દારૂની બોટલ સહિતની હેરાફેરી કરતા હોય તેનુ ચેકિંગ કરાયુ હતું.

31 ડિસેમ્બરની ઉજવણીમાં મોટી માત્રામાં વિદેશી દારૂની હેરાફેરી કરવા સાથે નશો કરીને વાહન હંકારતા હોય તેવા નશોડી દ્વારા કોઇ ઘટનાને અંજામ આપવામાં ન આવે તેના માટે પોલીસ દ્વારા પાણી આગળ પાળ બાંધતા હોય તેમ નશો કરી વાહન ચલાવતા ચાલકો સામે કાર્યવાહી કરવા માટે પોલીસ એલર્ટમોડમાં આવી ગઇ છે. ચોવીસ કલાક ટ્રાફિકના ધમધમતા સંગમ ચાર રસ્તા પાસે રાત્રીના સમયે પોલીસ કાફલો તૈનાત કરાયો હતો અને રોડ પરથી પસાર થતા હોય તેવા શંકાસ્પદ વાહનોને રોકીને તેમની પાસે વાહનના દસ્તાવેજ હોવા સાથે ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા હોય તેવા વાહનચાલકો સામે કાર્યવાહી શરૂ કરાઇ હતી. વાહનચાલકોની તપાસ કરી તેમની પાસે લાયસન્સ, આરસી બુક અને ઈન્સ્યોરન્સ સહિતના અગત્યના દસ્તાવેજ ચકાસવામાં આવ્યાં હતા. જે વાહનચાલકો પાસે ડોક્યુમેન્ટસ ન હોય તેવા વાહનો સ્થળ પર જ ડિટેન કરાયાં હતા. ઉપરાંત નંબર પ્લેટ વગરના અને બ્લેક ફિલ્મ લગાવેલા વાહનો સામે પણ દંડનીય કાર્યવાહી કરાઇ હતી. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની સુરક્ષાને ધ્યાનમાં રાખી વડોદરા પોલીસ એક્શનમાં આવી ગઇ છે અને સંગમ ચાર રસ્તા પાસે વાહ